ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૦૪/૦૨/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

.................................,
ભાવનગર.

## ઊર્જા સંરક્ષણ મહારેલીનું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા શનિવારે આયોજન.

આજના યુગમાં લોકો ઊર્જા બચત અને તેની અગત્યતા સમજે તે હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા લોકમાનસ સુધી ઊર્જા બચતનો સંદેશો પહોંચાડવાના આશયથી ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત ભાવનગર જિલ્લામાં **કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના** માધ્યમથી **તા.૦૬ ફેબ્રુઆરી, ૨૦૧૬, શનિવારના રોજ સવારે ૭:૩૦ કલાકથી ૧૦:૩૦ કલાક દરમ્યાન ઊર્જા સંરક્ષણ મહારેલીનું આયોજન વિશુધ્ધાનંદ વિદ્યા મંદિર ખાતેથી થનાર છે.** આ ઊર્જા સંરક્ષણ મહારેલીને મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવશે.

આ ઊર્જા સંરક્ષણ મહારેલી વિશુધ્ધાનંદ વિદ્યામંદિરથી શરૂ થઇ જૈન દેરાસર, એમ.જે. કોમર્સ કોલેજ, પી. જી. બોઈઝ હોસ્ટેલ, લો કોલેજ, ડિપ્લોમા કોલેજ (B.P.T.I), યુનિર્વસીટી રોડ, વિઘેશ્વર મહાદેવ મંદીર, એસ. બી. આઈ. બેંક–વિદ્યાનગર, ગૌતમ એપાટમેન્ટ, ચીતરંજન ચોક થઇને વિશુધ્ધાનંદ વિદ્યામંદિર પરત ફરશે.

ઉપરોકત ઊર્જા સંરક્ષણ મહારેલીમાં ભાવનગર શહેર તેમજ તાલુકાની કુલ ૧૦૦ થી વધારે ઉચ્ચતર પ્રાથમીક શાળાઓના ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઊર્જા બચત અને પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના ઉપયોગોનો સંદેશો ફેલાવવા ભાવનગર શહેરના ગીચ વિસ્તાર વિદ્યાનગરના ઉપરોકત વિવિધ વિસ્તારોમાં રેલી સ્વરૂપે ફરશે. જેમાં વિદ્યાર્થીઓ શાળાના નામ સાથેના બેનર, ઊર્જા બચતના સ્લોગનો, આઇ કાર્ડ વગેરેનાં માધ્યમથી લોકોનું ધ્યાન આકર્ષિત કરવાના પ્રયાસો કરી લોકમાનસને ઊર્જા બચત અને પુનઃ પ્રાપ્ય ઊર્જાનો સંદેશો આપશે. ઉપરાંત સાથે જોડાયેલા શિક્ષકો દ્વારા ઊર્જાની આ સંદેશાના ફેલાવા હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા સુત્રોચ્ચાર કરાવતા નજરે પડશે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.